## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... લાલુને વઢો... આખુ વર્ષ ફટાકડા મેં ભેગા કર્યા... દિવાસળી એ ચાંપી ગયો....!!!

તહેવારોમાં જુગારીઓ બેફામ બન્યા

# કોટેશ્વરમાં ખુલ્લેઆમ જુગાર રમતા સાત શખ્સો પકડાયા

## પેથાપુરમાં ભાઈબીજની બપોરે બાજી માંડીને બેઠેલા ત્રણ ઝડપાયા : સાત જુગારીઓ ફરાર થઈ ગયા

ગાંધીનગર, તા.૧૪

દિવાળીનાં તહેવારો દરમિયાન મોટા ભાગના બાળકો ફટાકડા ફોડવામાં, યુવાનો વોટસએપ શુભેચ્છાઓ મોકલવામાં તો વડીલો પડોશીઓ-સગાઓના ઘરે શુભેચ્છા મુલાકાતોમાં મસ્ત જોવા મળ્યા હતા. ત્યારે તહેવારોના આનંદને જતો કરીને પોલીસનો સ્હેજ પણ ડર રાખ્યા વિના જુગાર રમવાના શોખીનો બિન્દાસ્ત જુગાર રમતા નજરે ચઢતા હતાં.તે પૈકી દિવાળીના દિવસે કોટેશ્વરમાંથી અને ભાઈબીજના દિવસે પેથાપુરમાંથી એમ બે જ સ્થળેથી પોલીસ જુગાર રમતા શકુનીઓને પકડી શકી હતી. પેથાપુર અને અડાલજ પોલીસે જુગારના બે અડ્ડા પર દરોડા પાડી ૧૦ જુગારીઓની ધરપકડ કરી છે જયારે સાત જુગારીઓ નાસી છુટવામાં સફળ રહ્યા હતાં.

મળતી માહિતી મુજબ અડાલજ પોલીસ મથકના પીએસઆઈ ડી.ડી. ઝાલા તથા તેમની ટીમે ચોક્કસ બાતમીને આધારે દિવાળીની સાંજે કોટેશ્વર ગામની સીમમાં સ્થિત ચિંતનવન એપાર્ટમેન્ટ પાસેના ભંગારવાડામાં ખુલ્લેઆમ ચાલતા જુગારધામ પર દરોડો પાડયો હતો. પોલીસે કોટેશ્વરના નરેન્દ્ર છના ઠાકોર, સુખા જવાન ઠાકોર, મહેન્દ્ર કાળા ઠાકોર, રવિ રજનીકાંત પટેલ, અમીત રામા પટેલ, તેજસ જેઠા પટેલ અને સાબરમતીના ચંદ્રવીર મહેન્દ્ર રાઠોડ મળી સાત શકુનીઓની રોકડ રૂ. ૧૨,૯૩૦ તથા પાંચ મોબાઈલ મળી રૂ. ૧૮,૪૩૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી તો બીજી તરફ પેથાપુર પીએસઆઈ ડી.બી. વાળા તથા તેમની ટીમે પેથાપુરમાં મહાકાળી પાર્લર પાસેના પાર્ટી પ્લોટના ખુલ્લા પ્લોટમાં દરોડો પાડીને ત્રણ શકુનીઓની ધરપકડ કરી લીધી હતી જયારે સાત શખ્સો ફરાર થઈ ગયા હતા. પેથાપુરના જેતા વેતા સુપા, ગોવા અમરત પઢીયાર અને મારેલુ જણાજી મારવાડીની પોલીસે રૂ. ૭૦૫૦ રોકડ સહીત રૂ. ૧૦,૦૫૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો જયારે દરોડા દરમિયાન પોલીસને જોઈને સાત જુગારીઓ ભાગી ગયા હતા અને પોલીસ તેમને પકડી શકી ન હતી. રાજુ જેઠા સોલંકી, જગદીશ ગીરીશ સોલંકી, નરેશ ગીરીશ ખાભુ, શૈલેશ જીવા સોલંકી, જીતુ હરખાજી, નરેશ જેઠા મારવાડી અને સોનુ પઠાણ નાસી છુટવામાં સફળ રહ્યા હતા. પોલીસે ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## ખૂણે ખાંચરેથી...

- ગાંધીનગર પંચદેવ મંદિર ખાતે બેસતા વર્ષના દિવસે ભીડમાં સે-૨૨માં રહેતા દિગ્વીજયસિંહ પરમારને પગની આંગળીઓમાં ઠોકર વાગતાં ફ્રેકચર થયું હતું.
- સચિવાલયની ન્યુ ક્રેડિટ સોસાયટીને આજે રાજય સહકારી સંઘે તેની કામગીરી માટે બિરદાવી પુરસ્કૃત કરી છે.
- ગઈકાલે ભાઈબીજના દિવસે બપોરે ૨.૧૫ થી ૩.૩૦ વચ્ચે અમદાવાદ-ગાંધીનગરના ૧૦ રૂટથી પણ વધુ રૂટ કેન્સલ કરાતાં મુસાફરો હાલાકીમાં મુકાયા હતા.
- આજે બીજા શનિવારની સરકારી રજા હોવા છતાં ઉમેદવારી પત્રોની ચકાસણીને લઈ જિલ્લાની તમામ કચેરીઓ કાર્યરત રહી હતી.
- શનિવારે ચૂંટણી પંચ દ્વારા નિયુકત કરાયેલા નિરીક્ષક શ્રી અનીશ માંકડ કલેકટર કચેરી ખાતે આખો દિવસ હાજર રહ્યા હતા.
- ચૂંટણી પંચે આજે જિલ્લાના અધિકારીઓ સાથે વીડીયો કોન્ફરન્સ યોજી ચૂંટણીની તૈયારીની સમીક્ષા કરી હતી.
- મહાનગરપાલિકામાં આ વખતે ૨૫ હજારથી વધુ ઈ-વોટર્સ નોંધાયા છે.

# આગામી સપ્તાહમાં એમ.સી.આઈ.ની ટીમ સિવિલમાં તપાસ માટે આવવાની શકયતા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર મેડીકલ કોલેજમાં પાંચમા વર્ષના અભ્યાસક્રમની મંજુરી માટે મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમો સવારથી શરૂ થતા સપ્તાહમાં આવી શકે તેવી શકયતાને પગલે કોલેજ અને હોસ્પિટલના સંચાલકોએ તેમની તૈયારીઓ વેગીલી બનાવી દીધી છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં ચાલુ વર્ષે ૨૦૦ પથારીનો વધારો કરી ૬૫૦ પથારીની સુવિધા ઉપલબ્ધ કરાવવાની સાથે ડાયાલીસીસનો નવો વોર્ડ પણ બનાવ્યો છે. આ ઉપરાંત આઈસીસીયુ, વીઆઈપી વોર્ડની પથારીમાં વધારો કર્યો છે.

સિવીલ હોસ્પિટલનું નવું સંકુલ તૈયાર થઈ જવા પામેલ છે જયારે કોલેજ સંકુલનું પણ બિલ્ડીંગ પણ કાર્યરત કરી દેવામાં આવ્યું છે. સિવીલ હોસ્પિટલનું મેનેજમેન્ટ પણ જીએમઈઆર સેલે સંપૂર્ણતઃ સંભાળી લીધું છે. જો કે હજુ તેમાં થોડીક જગ્યાઓ સરકાર હસ્તકની ચાલુ રાખવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે કેટલીક નવી જગ્યાઓ આગામી દિવસોમાં ભરી અને સંપૂર્ણ વહીવટ જીએમઈઆર સેલ સંભાળી લેશે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં નવા વોર્ડ અને નવી પથારીની સુવિધાઓ નવા સંકુલમાં કાર્યરત થઈ ગયેલ છે જે ઉલ્લેખનીય છે. આગામી વર્ષમાં કેટલીક વધુ સુપર સ્પેશ્યાલીટીની સેવાઓ પણ કાર્યરત થઈ જશે તેમ કોલેજના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગાંધીનગર મેડીકલ કોલેજે ચાર વર્ષમાં ઉજજવળ પરિણામે થકી પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે તે પણ નોંધનીય છે.

પાંચમા વર્ષના અભ્યાસની મંજુરી માટે ઓગષ્ટમાં અરજી કરી હતી. નવેમ્બરના અંત સુધીમાં એમ.સી.આઈ.નું ઈન્સ્પેકશન પૂર્ણ થઈ જતાં તેને હવે સંપૂર્ણ મેડીકલ કોલેજનો દરજ્જો પ્રાપ્ત થશે.



ચિલોડા સ્થિત માર્કેટ યાર્ડમાં ડાંગરની આવક થતાં માર્કેટમાં ધમધમાટ જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષે ચિલોડા પંથકના ખેડુતોએ મોટા પ્રમાણમાં ડાંગરનું વાવેતર કર્યુ હતું. ડાંગરના પાકને સાનુકુળ આબોહવા મળતા પાકનો ઉતારો સારો તેમજ ગુણવત્તાવાળો છે. ચિલોડા પંથકના ખેડુતો ટ્રેકટરો ભરીને ડાંગના પાકના વેચાણ અર્થે માર્કેટ યાર્ડમાં લાવી રહ્યા છે. ડાંગનો ૨૫૫ થી ૨૭૫નો ભાવ હરાજીમાં બોલાય છે. છતાં પણ પોષણક્ષમ ભાવ ન મળતા ખેડુતોમાં કચવાટ જોવા મળી રહ્યો છે. આમ હાલમાં માર્કેટ યાર્ડમાં ૨૦,૦૦૦થી વધુ બોરીનું આગમન થઈ ચુકયું છે. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# મહાનગરપાલિકા ચૂંટણીમાં ચૂંટણી પ્રચારમાં વેગ મુખ્યમંત્રીનું થોકબંધ સભાઓને સંબોધન

ગાંધીનગર, તા. ૧૪

રાજયની મહાનગરપાલિકાની ચૂંટણીઓ આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ભાજપ, કોંગ્રેસ અને ઉમેદવારો દ્વારા આજથી ચૂંટણી પ્રચારને વેગીલો બનાવ્યો છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ દિવાળીના તહેવારો દરમિયાન જ જાહેર થતાં ઉમેદવારો માટે ચૂંટણી પ્રચાર કાર્ય અઘરું બન્યું છે. કારણ કે મોટા ભાગના લોકો દિવાળીના વેકેશનમાં બહાર ફરવા જતાં ચૂંટણી પ્રચાર મંદ ચાલી રહ્યો હતો.

દિવાળીના તહેવારો પૂર્ણ થતાં જ ઉમેદવારો અને ભાજપ-કોંગ્રેસના નેતાઓ દ્વારા સ્નેહમિલન સમારોહનું આયોજન ઘડી કાઢ્યું છે અને આજથી ચૂંટણી પ્રચાર સભાઓને ગજવવાનું શરુ કર્યું છે.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે બરોડા મહાનગરપાલિકાના ચૂંટણી પ્રચાર અર્થે બરોડામાં એક દિવસમાં ચાર સ્થળોએ જાહેરસભા અને સ્નેહમિલન કાર્યક્રમો કરીને ઝંઝાવટી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા છે. આમ તો દિવાળીના તહેવાર પહેલા જ મુખ્યમંત્રીએ અમદાવાદમાં ચાર જેટલી જાહેરસભાઓ કરીને ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો.

રાજયની ૬ મહાનગરપાલિકાની ચૂંટણીઓ ૨૨મી નવેમ્બરના રોજ યોજાનારી હોઈ ચૂંટણી પ્રચાર આડે હવે માત્ર ૬ દિવસ જ બાકી રહ્યા છે ત્યારે ઉમેદવારો અને ભાજપ-કોંગ્રેસના નેતાઓએ ચૂંટણી પ્રચાર ઝંઝાવતી શરુ કરીને પોતાના પક્ષના ઉમેદવારોને જીતાડવા માટે એડી ચોટીનું જોર લગાવી રહ્યા છે.

રાજયમાં અનામત આંદોલનની માંગ સાથે પાટીદારોએ શરુ કરેલ આંદોલન અને ભાજપને મત ન આપવા કરેલી અપીલને કારણે આ વખતે સ્થાનિક સ્વરાજયની ચૂંટણી ભાજપ માટે કપરા ચઢાણ સાબિત થવાની છે કારણ કે શહેરી વિસ્તારો અને ગામડાઓમાં કેટલીક સોસાયટીઓમાં પાટીદારો દ્વારા ભાજપના નેતાઓના પ્રવેશ પર પ્રતિબંધ મુકતા પોસ્ટરો લગાવી દેતાં ભાજપ માટે ચૂંટણી પ્રચાર પણ અઘરો સાબિત થઈ રહ્યો છે.

# અક્ષરધામ મંદિર મુલાકાતીઓથી ઉભરાયું

## દિવાળીની રજાઓ દરમિયાન બહારગામના પ્રવાસીઓનો ધસારો રહ્યો : દીપમાળાના દર્શન માટે ભારે ઉત્સુકતા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના રહેવાસીઓ હરવા ફરવા માટે ભલે બહારગામ ઉપડી ગયા હોય પરંતુ બહારગામના પ્રવાસીઓ અક્ષરધામ મંદિરની મુલાકાત ઉમટયા છે. દિવાળીથી લાભપાંચમ સુધી અક્ષરધામ મંદિર ખાતે આયોજીત દીપમાળાના દર્શન માટે પ્રવાસીઓની ભારે ભીડ અહીં ઉમટી રહી છે.

ગાંધીનગરના અક્ષરધામ મંદિરની ખ્યાતિ દૂર દૂર સુધી ફેલાયેલી છે. મંદિરના દર્શને આવતા પ્રવાસીઓ-શ્રધ્ધાળુઓની ભીડ દિવાળી દરમિયાન વધી જાય છે. ગાંધીનગરાઓ દિવાળીની રજાઓ માણવા માટે ભલે બહારગામ હરવા ફરવા જતા રહે પરંતુ બહારગામના પ્રવાસીઓ અક્ષરધામની મુલાકાત દિવાળી દરમિયાન ખુબ મોટી સંખ્યામાં લેતા હોય છે. દિવાળીની રજાઓ ઉપરાંત લાભપાંચમ સુધી અહીં થતી દીપમાળાનો નજારો જોવા માટે પ્રવાસીઓ મોટી સંખ્યામાં અહીં આવે છે. અક્ષરધામ મંદિર પ્રાંગણની સામે આવેલા પાર્કિંગમાં બસો, ખાનગી વાહનોનો જાણે ખડકલો જામ્યો છે. પ્રવાસીઓની મોટી સંખ્યાને ધ્યાને રાખીને અહીં સુરક્ષાનો પ્રંબધ વધારી દેવાયો છે. દિવાળી વેકેશન શરુ થયું ત્યારથી દરરોજ હજ્જારો પ્રવાસીઓ અહીં આવી રહ્યા છે. લાભપાંચમ સુધી દીપમાળાનું આયોજન થવાનું હોવાથી આ સમયગાળા દરમિયાન મુલાકાતીઓનો ધસારો વિશેષ રહેશે. અક્ષરધામ મંદિરના પ્રવાસીઓના કારણે જ માર્ગ વાહનોની અવરજવરથી ધમધમતો રહ્યો હતો.



(તસવીર : દીપક જાની)



સૅક્ટર-૧૬માં સ્થિત તિરૂપતિ બાલાજી મંદિર ખાતે દિવાળી નિમિત્તે ભવ્ય અન્નકૂટનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ભક્તો આ અન્નકૂટનાં દર્શન માટે ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

# ગુજરાત ભાજપ પ્રભારી દિનેશજી તથા વિ. સતીષજી આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે

ગાંધીનગર, તા.૧૪

ભાજપના રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી વિ. સતીષ આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવી રહ્યા છે.

રાજયમાં આ માસના અંતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ યોજાનારી છે ત્યારે આ ચૂંટણીમાં પ્રદેશ નેતાગીરીને માર્ગદર્શન આપવા અને ચુંટણી વ્યુહરચના ઘડવા માટે ભાજપના રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રી વી. સતીષ અને ભાજપના ગુજરાત પ્રભારી દિનેશજી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે આવી રહ્યા છે.

ભાજપ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ વિ. સતીષજી પ્રદેશ નેતાઓ સાથે બેઠક કરીને સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં બુથવાઈઝ બુથ સમિતિઓ બનાવીને ભાજપને વિજય બનાવવા અંગેની ચૂંટણી વ્યુહરચના ઘડી કાઢવા અને ચુંટણી કામગીરી અંગે માર્ગદર્શન આપનાર હોવાનું જાણવા મળે છે.

આ ઉપરાંત ગુજરાત પ્રભારી દિનેશજી પ્રદેશ નેતાઓ સાથે પરામર્શ કરીને સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટેના ચૂંટણી પ્રચારના મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરીને સ્થાનિક પ્રશ્નોને ચુંટણી મુદ્દાઓ કરીને આક્રમક ચૂંટણી પ્રચારની વ્યુહરચના ઘડીને ચુંટણી પ્રચારના કાર્યક્રમો ઘડી કાઢી ચૂંટણી પ્રચાર અંગેનું માર્ગદર્શન આપનાર હોવાનું જાણવા મળે છે.

# જી. ઈ. કલબનો નૂતન વર્ષનો સ્નેહમિલન સમારોહ યોજાયો




ગાંધીનગર, તા. ૧૪

શહેરના પંદર વર્ષ જૂના ચૅરીટેબલ ટ્રસ્ટ અને ૮૦૦થી વધુ નવા કલાકારોને પ્રથમ વખત સ્ટેજ પૂરું પાડનાર કલા સંસ્થા ધ ગ્રેટ ઍન્ટરટેઈનર્સ કલબ (જી ઈ કલબ)નો નૂતન વર્ષનો સ્નેહમિલન સમારોહ આજે સવારે યુથ હૉસ્ટેલ, સૅક્ટર-૧૫ ખાતે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે નહેરૂ યુવા કેન્દ્રના યુથ કો-ઓર્ડિનેટર રજનીકાન્ત સુથાર અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

પંડિત જવાહરલાલ નહેરૂનો જન્મદિન હોવાથી કાર્યક્રમની શરૂઆતમાં તેમની તસવીર સમક્ષ અતિથિ અને જી ઈ કલબના કલાકારો દ્વારા પુષ્પો અર્પણ કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ જી ઈ કલબના ડિરેક્ટર કશ્યપ નિમાવતે આજના દિવસનું મહત્ત્વ કલાકારો સામે ઉજાગર કર્યુ હતું. એ પછી રજનીકાન્ત સુથાર દ્વારા કલાકારોને નૂતન વર્ષની શુભકામનાઓ પાઠવતાં ટૂંકું વકતવ્ય આપવામાં આવ્યું હતું.

ત્યારબાદ કલબના યુવા કલાકારોને પણ જાહેરમાં સંબોધનની તક આપવામાં આવી હતી. એ પછી કલાકારોએ એકબીજાનું મોં મીઠું કરાવ્યું હતું અને પરસ્પર નૂતન વર્ષના અભિનંદન પાઠવ્યા હતા.

# શહેરની યુવતિનું ક્રાંતિકારી પગલું જન્મદિવસ સ્મશાનમાં ઉજવ્યો

## ગરીબ બાળકોને કેક-નાસ્તો આપી ઉજવણી કરી



(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૧૪

શહેરના સૅક્ટર-૨૨ ખાતે રહેતી એક યુવતિએ ક્રાંતિકારી પગલું ભરતાં પોતાનો જન્મદિવસ સ્મશાન ખાતે ઉજવ્યો હતો.

સ્મશાન એ હકીકતે પવિત્ર સ્થાન છે અને ત્યાં દેવનો વાસ હોય છે, એ ડરવાનું નહીં પણ પ્રણામ કરવા માટેનું સ્થાન છે, એવો સંદેશ લોકો સુધી પહોંચાડવા માટે યુવતિ દ્વારા આ પગલું ભરવામાં આવ્યું હતું.

બુલબુલ જીલુભા ધાધલ નામની આ ક્રાંતિકારી યુવતિએ ન માત્ર પોતાના પરિવારજનો, સ્નેહીઓ સાથે સ્મશાનમાં કેક કાપી હતી, પરંતુ ત્યાંના સ્ટાફ પરિવાર, બાળકોને કેક તથા નાસ્તાનું વિતરણ કરીને 'આપવાની ખુશી' પણ પ્રાપ્ત કરી હતી. બુલબુલના માતાપિતાએ દીકરીના આ ક્રાંતિકારી પગલાને વધાવ્યું હતું અને આ ઉજવણીમાં દીકરીને સંપૂર્ણ સાથ આપ્યો હતો. એટલે સુધી કે દીકરીને સ્કૂટરની ગિફ્ટ પણ તેમણે સ્મશાનમાં જ આપી હતી અને અહીંથી જ દીકરીએ પોતાના નવા વાહનની પહેલી સવારીનો આરંભ કર્યો હતો.